સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ ૧૧ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/૪૩૮/અ.૧ (પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૮/૦૭/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૧૩/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/ન.બા.-૭૪૫/અ.૧

(૨) આ વિભાગનો તા.૦૯/૦૩/૨૦૧૯ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૪/૨૦૨૨ નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૩૮

સુધારા ઠરાવ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકી અતિ પછાત, વધુ પછાત તેમજ વિચરતી-વિમુક્ત જાતિના ધોરણ ૧૧ અને ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવા માટેની યોજના અમલમાં મૂકવામાં આવેલ. ત્યાર બાદ વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી આ યોજનાનું વિસ્તરણ કરીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની બાકીની જાતિઓનાં વિદ્યાર્થીઓને પણ લાગુ કરવામાં આવેલ છે.

૨. આ યોજનાની હાલની જોગવાઇઓમાં કેવા પ્રકારના કોચિંગ ક્લાસીસ/ સંસ્થાઓની પહોંચ માન્ય ગણવી તે અંગે જોગવાઇ કરવામાં આવેલ ન હોવાથી દરેક જિલ્લામાં દ્વિધા ઉભી થાય છે. જેથી ખાનગી કોચીંગ ક્લાસ અંગે હાલના ઠરાવોની જોગવાઇઓમાં જરૂરી સુધારા કરવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ ૧૧ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવાની યોજનાના હાલના ઠરાવોની જોગવાઇઓમાં ખાનગી કોચીંગ ક્લાસ અંગે નીચે મુજબની શરતો ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે:

(૧) ખાનગી કોચીંગ ક્લાસ/ સંસ્થા GST/ PAN નંબર ધરાવતી હોવી જોઇએ. વિદ્યાર્થીએ GST/ PAN સાથેની પહોંચ રજૂ કરવાની રહેશે.

(૨) કોચીંગ ક્લાસ તાલીમ આપતી સંસ્થા મુંબઇ જાહેર ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦, કંપની અધિનિયમ, ૧૯૫૬, શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૮ (દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ, ૧૯૪૮) ગુમાસ્તા ધારો પૈકી કોઇપણ અધિનિયમ હેઠળ નોંધણી થયેલ હોવી જોઇએ.

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોની અન્ય શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૭/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(3) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૯) સિલેકટ ફાઇલ